ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

રવિવાર ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬

પ્રદૂષણ બોર્ડનું ભેદી મૌન | વાત્રક નદી અને રિવરફ્રન્ટ પર ગટરના પાણીનું સામ્રાજ્ય

ખેડા પાલિકાની આળસથી નદી પ્રદૂષિત થઈ

પાલિકાનું પમ્પીંગ સ્ટેશન બંધ પડતાં ગટરનું જોડાણ સીધું પવિત્ર નદીમાં જોડી દેવાયું

(પ્રતિનિધિ) ખેડા તા.૨૬

ખેડા શહેરની આગવી ઓળખ સમાન રિવરફ્રન્ટ રોડ પર છેલ્લા ૩ મહિનાથી શહેરીજનો દૂષિત ગટરના પાણીમાંથી ચાલીને જવા મજબૂર બન્યા છે. નગરપાલિકા તંત્રની યોગ્ય કામગીરીના અભાવે અને ઘોર બેદરકારીના કારણે પવિત્ર વાત્રક નદીમાં સીધું ગટરનું પાણી ઠાલવવામાં આવી રહ્યું છે, જેનાથી પર્યાવરણ અને લોકમાતા સમાન નદી પર ગંભીર ખતરો ઊભો થયો છે.

ખેડા શહેરમાં રિવરફ્રન્ટ પર લાખોના ખર્ચે ભૂગર્ભ ગટરનું પમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લા કેટલાય સમયથી આ પમ્પીંગ સ્ટેશન બંધ હાલતમાં પડ્યું છે. ગટરના પાણીનો યોગ્ય નિકાલ ન થતાં ખેડા નગરપાલિકા દ્વારા તેના જોડાણો તોડીને સીધા જ વાત્રક નદીમાં આપી દેવામાં આવ્યા છે. પરિણામે છેલ્લા કેટલાય સમયથી દૂષિત ગટરનું પાણી પવિત્ર વાત્રક નદીના વહેણમાં ભળીને નદીને ભારે દૂષિત કરી રહ્યું છે.

આ સમગ્ર દૂસકૃત્ય ખેડા નગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓની પૂરેપૂરી જાણ હેઠળ થઈ રહ્યું હોવાનું સામે આવ્યું છે. પાલિકાના આ ગેરવહીવટથી પર્યાવરણને મોટું નુકસાન પહોંચી રહ્યું છે. બીજી તરફ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) દ્વારા ખેડા નગરપાલિકા વિસ્તારમાં કોઈ યોગ્ય કામગીરી કે કડક પગલાં ન લેવાતાં નદી વધુને વધુ પ્રદૂષિત બની રહી છે.

ખેડા નગરપાલિકાના વોર્ડ નંબર ૬ માં સર્જાયેલી ગટરની ગંભીર સમસ્યા અને વાત્રક નદીમાં ઠલવાતા ગંદા પાણીના નિકાલ અંગે તંત્ર તથા સ્થાનિક પ્રશાસન દ્વારા આગામી દિવસોમાં શું કાર્યવાહી કરવામાં આવે છે તે જોવું રહ્યું.

ગટર અને વરસાદી પાણીની લાઈનો અલગ કરાશે

'ચોમાસામાં ભારે વરસાદ દરમિયાન ભૂગર્ભ ગટર અને વરસાદી પાણી ભેગા થઈ જવાથી પમ્પિંગ અને ડ્રેનેજની વહન ક્ષમતા પર ભાર વધે છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે વરસાદી પાણી અને ભૂગર્ભ ગટરની લાઈનોને એકબીજાથી અલગ કરવામાં આવશે. ભૂગર્ભ ગટર યોજનાના ફેઝ-૨ હેઠળ પમ્પિંગ કેપેસિટી વધારવા તથા સિસ્ટમ અપગ્રેડ કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. દુકાનો અને ઘરોમાં પાણી ભરાવાની તાત્કાલિક સમસ્યાનું ૧થી ૨ અઠવાડિયામાં નિરાકરણ લાવવા તથા નાગરિકોના આરોગ્યને પ્રાથમિકતા આપવાની ખાતરી આપવામાં આવી છે.' - **વિપુલ પનારા, ચીફ ઓફિસર, નગરપાલિકા, ખેડા.**

કરમસદના કૃત્રિમ તળાવમાં ૨૦૪ શ્રીજીની મૂર્તિનું વિસર્જન

લાઇફ ગાર્ડ, પાણીની શુદ્ધતા અને પૂરતા પ્રકાશ વચ્ચે ગણેશભક્તોનો ઉત્સાહભેર પ્રતિસાદ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

કરમસદ-આણંદ મનપા દ્વારા પવિત્ર ગણેશ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત પર્યાવરણની જાળવણી, સુરક્ષા અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપીને કરમસદ ખાતે વિશેષ કૃત્રિમ તળાવનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

કરમસદ - આણંદ મનપા દ્વારા કૃત્રિમ તળાવ સ્થળે પાણીની શુદ્ધતા, પૂરતો પ્રકાશ, લાઇફ ગાર્ડ અને ટ્રાફિક નિયંત્રણ સહિતની ઉત્કૃષ્ટ અને સુગ્રથિત સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, જેનાથી ભક્તોમાં ભારે કુદરતી જળસ્રોતોના સંરક્ષણ અને પર્યાવરણ જતન અર્થે શરૂ કરાયેલી આ પહલને શહેરના જાગૃત નાગરિકો અને ગણેશ મંડળો તરફથી અભૂતપૂર્વ અને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

આણંદમાં ગણેશ ઉત્સવના

પાવન પ્રસંગે 204 જેટલાં નાના-મોટા શ્રીજીની પ્રતિમાઓનું કૃત્રિમ તળાવમાં શ્રદ્ધા, આસ્થા અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સન્માનપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું છે.

સંતોષની લાગણી જોવા મળી રહી છે. વિસર્જન સુચારુ રૂપે અને વિના વિઘ્ને પૂર્ણ થાય તે માટે મનપાની સમગ્ર ટીમ સ્થળ પર સતત કાર્યરત રહીને ભક્તોને માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડી રહી છે. શ્રદ્ધા અને આસ્થાની પવિત્રતા જાળવવાની સાથે શહેરની પર્યાવરણીય સુંદરતા અને સ્વચ્છતા પ્રત્યે મહાનગરપાલિકાની આ કટિબદ્ધતાને નાગરિકો બિરદાવી રહ્યા છે.

ખેડાના હરિયાળા પાસે ટ્રક ટક્કરે યુવકનું કરુણ મોત

તારાપુરના યુવકની બાઇકને ટ્રકે પાછળથી ટક્કર મારી ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

ખેડાના નેશનલ હાઈવે પર હરિયાળા ગામની સીમમાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં મોટરસાયકલ સવાર યુવકનું મોત નીપજ્યું છે. મોડી રાત્રિના સમયે બાઇક પર ઘરે પરત ફરી રહેલા તારાપુરના યુવકને પૂરઝડપે આવતી ટ્રકના ચાલકે પાછળથી ટક્કર મારી ફરાર થઈ ગયો હતો.

ખેડા ટાઉન પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, તારાપુર ખાતે રહેતા જયેશ કનુ બેલદાર પોતાનું મોટરસાયકલ લઈને રાતના સમયે ઘરે પરત ફરી રહ્યા હતા. તેઓ હરિયાળા ગામની સીમમાં નેશનલ હાઈવે 48 પર ધોળકા બ્રિજથી નડિયાદ જવાના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પૂરઝડપે આવતા ટ્રક (નંબર MH 18 BG 8579) ના ચાલકે મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં શારીરિક રીતે ગંભીર ઈજાઓ પહોંચતા જયેશ બેલદારનું નીપજ્યું હતું.

આ બનાવની જાણ થતાં જ મૃતકના ભાઈ કિશોર બેલદાર ખેડા સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા ટ્રક ચાલક વિરુદ્ધ ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલ પોલીસે ટ્રક નંબર આધારે ચાલકની ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં છે.

કરમસદ-આણંદ મનપા દ્વારા ગણેશ વિસર્જન બાદ તળાવ પરિસરમાં સફાઇ ઝુંબેશ હાથ ધરાઇ

કરમસદ-આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ગણેશ વિસર્જનના પવિત્ર પર્વની શ્રદ્ધાભેર ઉજવણી સંપન્ન થયા બાદ સેનિટેશન વિભાગ દ્વારા તળાવ પરિસરમાં યુદ્ધના ધોરણે વ્યાપક સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિસર્જન સ્થળો પર એકત્રિત થયેલા કચરાના ત્વરિત નિકાલ અને પર્યાવરણની જાળવણી સાથે શહેરની સ્વચ્છતા અકબંધ રાખવા માટે મહાનગરપાલિકાની ટીમ તરત જ કાર્યરત થઈ ગઈ હતી. મનપાના 'સફાઇ મિત્રો' દ્વારા ભારે જહેમત ઉઠાવી વિસર્જન સ્થળો અને તળાવોની આસપાસ એકત્રિત થયેલી પૂજા સામગ્રી તથા અન્ય કચરાને ભેગો કરવામાં આવ્યો હતો, જેના કારણે આ સ્થળો ટૂંક સમયમાં જ પૂર્વવત્ સ્વચ્છ બન્યા હતા. સેનિટેશન વિભાગ દ્વારા આ કચરાનો સલામત જગ્યાએ યોગ્ય નિકાલ કરાતાં સમગ્ર તળાવ પરિસર રળિયામણું અને સુઘડ બની ગયું છે.

આણંદમાં ૪૪.૬૯ લાખનો દારૂ ભરેલું કન્ટેનર પકડાયું

નેશનલ હાઈવે-૪૮ પર વાસણોની આડમાં દારૂ લઈ જવાતો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચે ગણેશ વિસર્જન બંદોબસ્ત સંદર્ભે પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે નેશનલ હાઈવે નંબર-૪૮ પર રાવળાપુરા ઓવરબ્રિજ નજીકથી કન્ટેનર ટ્રકમાં ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં આવતો ૪૪.૬૯ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે સ્ટીલના વાસણો તથા ટ્રક સહિત કુલ ૮૪,૩૨,૫૧૦નો મુદ્દામાલ કબજે કરી હરિયાણાના બે શખ્સોની અટકાયત કરી છે.

નડિયાદ તરફથી આવી રહેલી શંકાસ્પદ કન્ટેનર ટ્રકને પોલીસે રાવળાપુરા બ્રિજ પાસે અટકાવી હતી. આ ટ્રકના ડ્રાઈવર મુખત્યાર હાકમ મેઉ અને ક્લીનર રૂકમુદ્દીન સદ્દીક મેઉ (બંને રહે. જિ. નુહ, હરિયાણા) એ હોમ એપ્લાયન્સિસની બિલ્ટી રજૂ કરી હતી. જોકે પોલીસે સીલ તોડી અંદર તપાસ કરતા આગળ વન્ડરશેફ કંપનીના સ્ટીલના

વાસણોની પાછળ સંતાડેલી વિદેશી દારૂની ૨૯૦ પેટી મળી આવી હતી.

આથી, પોલીસે સ્થળ પર જ કાર્યવાહી કરતાં ૪૪.૬૯ લાખનો દારૂ, ૨૪.૪૩ લાખની કિંમતના વાસણોના ૪૫૦ બોક્સ, ૧૫ લાખની ટ્રક અને ૨ મોબાઈલ જપ્ત કર્યા છે. પ્રાથમિક પૂછપરછમાં સોનીપતથી મુંબઈ જતા સામાનમાં હરિયાણાના ઈરફાનખાને ૩૦,૦૦૦ની અને સદ્દામે ૧૦,૦૦૦ની લાલચ આપી દારૂ ભરાવ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે ચારેય શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ અંગે પોલીસે રિમાન્ડ મેળવી સમગ્ર દારૂના નેટવર્કના પર્દાફાશ માટે પૂછપરછ હાથ ધરી છે.

ચારુસેટ યુનિવર્સિટી સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવી

વૈશ્વિક સ્તરે 1122મો અને ભારતમાં 51મો ક્રમાંક મેળવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

સસ્ટેનેબિલિટીને પ્રાધાન્ય આપતી સંસ્થાઓમાં સ્થાન મેળવતા, ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીએ 'UI GreenMetric World University Rankings 2026' માં પ્રથમ વખત પ્રવેશ કરીને સમગ્ર ગુજરાતમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. 110 દેશોની 2,016 સંસ્થાઓ વચ્ચે ચારુસેટે વૈશ્વિક સ્તરે 1122મો અને ભારતમાં 51મો ક્રમાંક મેળવ્યો છે.

યુનિવર્સિટાસ ઈન્ડોનેશિયા દ્વારા 2010થી સ્થાપિત આ રેન્કિંગ સિસ્ટમ યુનિવર્સિટીઓની સસ્ટેનેબિલિટીની કામગીરીનું મૂલ્યાંકન કરે છે. આ વર્ષે પરિસર, ઊર્જા, કચરો, પાણી, પરિવહન, શિક્ષણ અને ગવર્નન્સ જેવા 7 વ્યાપક પરિમાણો પર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ચારુસેટે આ રેન્કિંગમાં કુલ 5257.5 સ્કોર પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ અંગે ચારુસેટના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલે જણાવ્યું હતું કે, ચારુસેટમાં સસ્ટેનેબિલિટી માત્ર એક ઔપચારિક પ્રક્રિયા નથી. પરંતુ તે કેમ્પસની રચના, પ્રયોગશાળા સંચાલન અને શિક્ષણમાં વણાયેલી છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને વિશ્વના અગ્રણી ગ્રીન કેમ્પસમાં સ્થાન મેળવવાનો છે.

ચારુસેટના રજિસ્ટ્રાર ડો. બિનિત પટેલે ઉમેર્યું કે, પ્રથમ જ પ્રયાસે વૈશ્વિક સ્તરે સ્થાન મેળવી રાજ્યમાં અગ્રેસર બનવું એ સંસ્થાની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ મૂલ્યાંકનથી આગામી વર્ષોમાં કયા ક્ષેત્રોમાં સુધારા કરવા તેનો સ્પષ્ટ ડેટા આધારિત માર્ગદર્શિકા મળે છે. ચાંગા ખાતે આવેલી ચારુસેટ યુનિવર્સિટી એન્જિનિયરિંગ, ફાર્મસી, એપ્લાઇડ સાયન્સ, મેનેજમેન્ટ અને હેલ્થ સાયન્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં સસ્ટેનેબલ કેમ્પસ વિકાસ પર સતત ભાર મૂકી રહી છે.

સંતરામ મંદિરે દર્શનાર્થે જતા આધેડને અકસ્માત

ડભાણ પાસે ટ્રકની અડફેટે પદયાત્રીનું કરુણ મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

નડિયાદ રૂરલ પોલીસ મથકની હદમાં આવેલ ડભાણ ગામના હનુમાનજી મંદિર નજીક રાત્રિના સમયે અકસ્માતનો બનાવ બન્યો હતો. નડિયાદ સંતરામ મંદિરે પૂનમ ભરવા માટે પગપાળા જઈ રહેલા સંધાણા ગામના રમણ કાભઈ ગોહેલ અજાણ્યા ટ્રકની ટક્કરે ગંભીર રીતે ઘવાયા બાદ સારવાર દરમિયાન મોતને ભેટ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, સંધાણા ગામના વતની રમણ કાભઈ ગોહેલ રાત્રિના સમયે નડિયાદ સંતરામ મંદિરે પૂનમ ભરવા માટે પગપાળા જઈ રહ્યા હતા. આ દરમિયાન ડભાણ હનુમાનજી મંદિર પાસેથી પસાર થતી વખતે પાછળથી આવેલા એક અજાણ્યા ટ્રક ચાલકે તેમને અડફેટે લીધા હતા.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા રમણ ગોહેલને તાત્કાલિક હાઇવે પેટ્રોલિંગની એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર રાજેશ ગોહેલની ફરિયાદના આધારે નડિયાદ રૂરલ પોલીસે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

આણંદમાં આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષનું આગમન

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૬,

ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ૨૭મીએ રવિવારના રોજ આણંદ જિલ્લાના પ્રવાસે રહેશે. આ પ્રવાસ દરમિયાન તેઓ વિવિધ સંગઠનાત્મક અને સામાજિક કાર્યક્રમોમાં હાજરી આપશે. તેઓના નિયત કાર્યક્રમ મુજબ, તેઓ સવારે ૧૦:૪૫ વાગ્યે સાંગોડપુરા સ્થિત અંબાજી મંદિર ખાતે 'મન કી બાત' કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. બાદમાં આંકલાવડી સ્થિત શ્રીશ્રી રવિશંકર આશ્રમ (આર્ટ ઓફ લિવિંગ) ખાતે બપોરે ૧૨:૧૫ વાગ્યે બુથ કાર્યકર્તા સંવાદ, બપોરે ૧:૧૫ વાગ્યે ટિફિન બેઠક, બપોરે ૨:૧૫ વાગ્યે યુવા સંવાદ અને બપોરે ૩:૦૦ વાગ્યે અંગદાન પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજાશે.



ભાનુભાઈ અને મધુબેન પટેલ કાર્ડિયાક સેન્ટરના ૧૮મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે
શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ દ્વારા હૅલ્ધી હાર્ટ વૉકેથોનનું આયોજન છે.

રવિવાર, ૧૧ ઑક્ટોબર, ૨૦૨૬ સવારે ૭:૦૦ વાગ્યાથી
રૂટ: એચ.એમ. પટેલ સ્ટેચ્યુ, નલિની અરવિંદ ઍન્ડ
ટી.વી. પટેલ આર્ટસ કૉલેજ, વિદ્યાનગરથી ટાઉન હૉલ, આણંદ સુધી

સ્પેશ્યલ કાર્ડિયાક હૅલ્થ પૅકેજીસ

બેઝિક કાર્ડિયાક પૅકેજ ₹ 2500
પ્રિમિયમ કાર્ડિયાક પૅકેજ ₹ 5000

પૅકેજીસના લાભ માટે નોંધણી કરાવવી જરૂરી છે.*

*(ઑફર ૧૨ ઑક્ટો. થી ૧૧ નવે. સુધી માન્ય રહેશે.)

Event Partners: ELECON, Amul

Sponsors: IDMC, VIDYA WIRES LTD., RCPL, JK Securities, Bites!, ARMEIN PHARMACEUTICALS PVT. LTD., River 9, BTGPL, CEAT

રજિસ્ટ્રેશન માટે સંપર્ક : ૦૨૬૯૨-૨૨૮૬૭૧,૨૨૮૪૧૧

પેટલાદના રંગાઈપુરામાં ચાર જેસીબી સાથે સૉ-મીલ જમીનદોસ્ત કરી !

તોડફોડ કરનારા શખસો સામાન લૂંટી જતાં ફરિયાદ લેવાનો પણ પોલીસનો ઇનકાર!

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૬

પેટલાદના રંગાઈપુરા ખાતે ૨૩મી સપ્ટેમ્બરના રોજ જમીનનો કબજો મેળવવા મૂળ માલિકે ભાડુતી માણસોનો સહારો લીધો હતો. આ બનાવમાં ભાડુતી માણસો ચાર જેસીબી મશીનો લઈ વિવાદવાળા સ્થળે ધસી આવ્યા હતા. જ્યાં પાકા બાંધકામ સહિત મશીનરી અને ઘરવખરીની તોડફોડ કરવામાં આવી હતી. આ અંગે પિડીત વ્યક્તિઓએ પેટલાદ ટાઉન પોલીસને તોડફોડ અટકાવવા અને તેઓની વિરૂદ્ધ ગુનો દાખલ કરવા જણાવ્યું હતું. પરંતુ છેલ્લા ત્રણ દિવસમાં પિડીતોએ ત્રણ - ત્રણ અરજીઓ આપી ગુનો નોંધવા માગણી કરી હોવા છતાં હજી સુધી પોલીસે કોઈ જ કાર્યવાહી કરી નથી. આ ઉપરાંત તોડફોડ કરેલો સામાન અને ઘરવખરી લઈ જઈ જમીન ખાલી કરવા માંડી હતી. આ અંગે નેતાઓ અને પોલીસ અધિકારીઓનું ભેદી મૌન ચર્ચાસ્પદ બનવા પામ્યા છે.

પેટલાદના રંગાઈપુરા ચોકડી પાસે સર્વે નં.૩૦/૧ વાળી જમીનમાં વર્ષોથી હર્ષદ હંસરાજ પટેલ અને ગીતાબેન દયારામ પોકારની સૉ-મીલ આવેલી છે. આ ઉપરાંત અહીંયા પાકું બાંધકામ કરી મકાન પણ બનાવ્યું હતું. આ સૉ-મીલ ખાતે ૨૩મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે જમીનના મૂળ માલિક

મણીકાંત પટેલ સહિત ભાડુતી માણસો ચાર જેસીબી મશીન લઈ ઘૂસી ગયા હતા. આ ભાડુતી કબજો ધરાવતા આ બન્નેની મિલકતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી તોડફોડ શરૂ કરી હતી. આવું નહીં કરવા જણાવતાં મણીકાંત પટેલ સહિતના લોકોએ કલક્ટરનો હુકમ હોવાનું જણાવ્યું હતું.

પરંતુ આ હુકમમાં કલેક્ટરે ૧૦મી ઓગષ્ટના રોજ આસિકોદ્દીન મલેકની અરજી અન્વયે હુકમ ગેરકાયદેસર બાંધકામ તોડવાનો કર્યો હતો. પરંતુ આ કામગીરી કરવા પેટલાદ તાલુકા વિકાસ અધિકારીને નિર્દેશ કર્યો હતો. આમ છતાં કોઈપણ સક્ષમ અધિકારીની ઉપસ્થિતી સિવાય માત્ર કલેક્ટરના હુકમની વાત કરીને કાયદો હાથમાં લઈ તોડફોડ કરવાની પ્રવૃત્તિ આચરવામાં આવી હતી. જેથી પિડીત લોકોએ તોડફોડ રોકવા પોલીસ મથકે પહોંચ્યા હતા. જ્યાં પીડીતોએ લેખિતમાં અરજી આપી હતી. પરંતુ પોલીસે ગુનેગારો વિરૂદ્ધ કોઈ જ કાર્યવાહી કરી ન્હોતી. જેથી બીજી એક લેખિત અરજી કુરિયર દ્વારા મોકલી હતી. છતાં પણ ગુનો નોંધવામાં આવી ન્હોતી. જે દરમ્યાન શનિવાર સવારે ૧૧ કલાકે શકીલ મિરઝા સહિતના ભાડુતી માણસો ઘટના સ્થળે પહોંચ્યા હતા. જ્યાં જઈને સૉ-મીલનો સામાન, પતરાં, ઘરવખરી વગેરે લઈ જવાની તજવીજ કરી રહ્યા હતા. જેથી હર્ષદભાઈ અને ગીતાબેન તુરંત પેટલાદ ટાઉન પોલીસ મથકે ફરીયાદ કરવા ગયા હતા. પરંતુ અધિકારીઓની ગેરહાજરીને કારણે ગુનો દાખલ થયો નહીં હોવાનું દયારામ પોકારે જણાવ્યું હતું.

ત્રાહિત વ્યક્તિની શંકાસ્પદ ભૂમિકા

પેટલાદના રંગાઈપુરામાં મૂળ માલિક નહીં, પરંતુ આશિકોદ્દીન હાફીઝોદ્દીન મલેક (રહે. ખ્વાજા નગર સોસા., પેટલાદ)નાઓએ કલેક્ટર સમક્ષ અરજી કરી હતી. જેમાં આ જમીન ઉપર બિનખેતી કર્યા વગર બાંધકામ કર્યાનો ઉલ્લેખ હતો. જે અરજી ચાલી જતાં તપાસ બાદ કલેક્ટરે તા.૧૦ ઓગષ્ટના રોજ હુકમ કરી ૩૦ દિવસમાં મંજુરી મેળવી લેવા જણાવ્યું હતું. આ ઉપરાંત જો સમય મર્યાદામાં મંજુરી નથી મેળવતા તો બાંધકામ દૂર કરવાની સત્તા તાલુકા વિકાસ અધિકારીને આપવામાં આવી હતી. પરંતુ કોઈપણ સક્ષમ અધિકારીની ગેરહાજરી અને નોટીસ આપ્યા સિવાય ભાડુતી માણસો દ્વારા આ પ્રકારની તોડફોડ થતાં લોકોમાં ભય અને આક્રોશનો માહોલ સર્જાયો હોવાનું જાણવા મળે છે.